# તસ્બીહે શાઅબાનુલ કરીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ وَسَلَّمْتَ عَلٰى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ۝

**અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લૈતા વ સલ્લમતા**
**અલા ઇબ્રાહીમા વ અલા આલે ઇબ્રાહીમા ઇન્નકા હમીદુમ મજીદ.**

માઅના :

અય પરવરદીગાર સલવાતો સલામ બોલજો તમે મોહમ્મદ (સ.અ.વ.વ.) અને આપની આલ ઉપર,
જેમ તમે ઈબ્રાહીમ અને તેની ઔલાદ ઉપર સલવાત બોલી છે. બેશક તમે જ વખાણ અને બુઝુરગીવાલા છો.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "અલ્લાહ અને એના ફરિશ્તાઓ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર સલવાત પઢે છે તો અય લોકો જે ઈમાન લાવા, તમે પણ નબીએ આઅઝમ પર સલવાત પઢો અને બરાબર સલામ પઢતા રહો." જે વક્ત આ આયત નાઝિલ થઈ તો પૂછનારાઓએ પૂછ્યું કે, અય નબીયલ્લાહ, આપ ઉપર સલામ કઇ તરહ પઢવો એ તો હમારે ખબર છે, પણ આપ હમને એ બતાવો કે આપ ઉપર સલવાત કઇ તરહ પઢીએ ? આપ (સ.અ.વ.વ.) એ ઉપર બયાન થયેલી તસ્બીહ અવ્વલથી આખિર તક પઢી બતાવી આપે ખુદ આપ પર સલવાત પઢવાનો તરીકો સાફ તૌર પર વાઝેહ કીધો. જે મુજબ આપ (સ.અ.વ.વ.) પર સલવાતો સલામ પઢવું હર ઈમાનદાર પર વાજીબ છે તે મુજબ આપની આલે અત્હર પર સલવાત પઢવું ફરઝ છે. આપે આપના તાબેઈન-માનનારાઓને શરીઅતે ઈસ્લામના ફરઝો અને હલાલો હરામની તાઅલીમ આપીને તેને બરાબર સમઝાવા અને બારીકી સાથે વઝાહત કીધી. આ તમામ ફરઝો જેમ કે નમાઝ, રોઝા, પાકી, ઝકાત, હજ્જ, જેહાદ અને વલાયતનું બયાન અલ્લાહની કિતાબ કુરઆનમાં મુખ્તલિફ જગાઓ પર મુખ્તસર તૌર પર આવેલુ છે, તેની સમઝ આપે આપની ઝબાનમાં તેના ઝાહિર-બાતિનના મત્લબ બતાવી તફસીલવાર લોકો દરમ્યાન કીધી. આ જ તૌર પર આપ (સ.અ.વ.વ.) પર સલવાતો સલામનું બયાન કુરઆનમાં મુખ્તસર આવેલુ છે જેની તફસીર અને તશરીહ આપે ખુદ કરી બતાવી.

ઉપર આપેલી રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર સલવાતની રિવાયત આમ ઝાહેરી લોકો પણ બયાન કરે છે, પણ એ લોકો ખોટો ખયાલ કરી બેસા છે કે તમામે તમામ મુસલમાનો આલે મોહંમદ છે ! જેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના એહલે બૈત (અ.સ.) ના દરજા અને ફઝીલતના બયાનને નઝરઅંદાઝ કરી તેથી મેહરૂમ રાખી શકાય. મગર આ ફઝીલત અને કરામત તો અલ્લાહતઆલા તરફથી હમારા એહલે બૈતે રસૂલ (અ.સ.) ને ઈનાયત થયેલી છે અને રસૂલુલ્લાહ બાવાજીએ પોતાની હયાતે તૈયબામાં જ આપના એહલે બૈતની અઝમતને આશકાર કીધી છે. આ જ સબબ છે કે આપે આપ પર સલવાતો સલામ પઢવાને સાથે સાથે આપની મુબારક આલ પર પણ સલવાત પઢવું લાઝિમ ફરમાવું. એહલે બૈતે રસૂલ (અ.સ.) જ હકીકતમાં આલે મોહંમદ (સ.અ.વ.વ.) છે જેની ઈતાઅત અને ફરમાઁબરદારી હર શીઆ મુખ્લિસ મુમીન પર વાજીબ અને ફરઝેઐન છે.

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી બયાન છે કે, એક સાઈલે અરઝ કીધી કે, અય મારા મૌલા ! આલે મોહંમદ કોને કેહવાય? આપે (અ.સ.) જવાબમાં કહ્યું કે, "આલે મોહંમદ તે મોહંમદ (સ.અ.વ.વ.) ના એહલે બૈત છે, ખુસીસી તૌર પર." સાઈલ બોલો કે, બીજા લોકો તો એમ કહે છે કે, તમામ મુસલમાનો બધા જ આલે મોહંમદ છે ! તો આપે (અ.સ.) તબસ્સુમ કરીને ફરમાવું કે, "એ લોકો જૂઠુ પણ બોલા અને સાચુ પણ બોલા." સાઈલે અરઝ કીધી કે આપના આ કલામની શું માઅના કે, એ લોકો જૂઠા પણ છે અને સાચા પણ ? આપે ફરમાવું કે, "એ લોકો જૂઠા એ સબબથી છે કે તેઓ કહે છે કે, તમામ મુસ્લેમીન આલે મોહંમદ છે. તો મુસલમાન હોવાની વજેહથી તેઓ અલ્લાહની તૌહીદમાં માને છે, અલ્લાહના રસૂલોનો ઈકરાર કરે છે, બસ. મગર એ લોકો પોતાના દીન-ઈમાનમાં નાકિસ, કુસૂરવાર અને અધૂરા છે. હવે જે લોકોના દીનની આ હાલત હોય તો તેઓ આલે મોહંમદમાં શુમાર થાય ? અને હવે એ લોકો પોતાના કૌલમાં સાચા એ સબબથી છે કે, મુસ્લેમીનના દરમ્યાન જે મુમેનીન છે એ તમામ આલે મોહંમદમાં શુમાર થાય છે. કેમ કે હર મુસલ્માન મુમીન હોતો નથી મગર હર મુમીન મુસલ્માન હોય છે. આ મુમેનીન ભલેને મોહંમદ (સ.અ.વ.વ.) ના ખાનદાનમાંથી નથી મગર આલે મોહંમદનો શરફ તેઓને એ વાસ્તે મિલો છે કે, એ સઘલા એહલે બૈત (અ.સ.) ની વલાયત પર કાઈમ રહ્યા અને તે વાસ્તે કુરઆનની તમામ શરતોને લઈ ઉઠા. તો હવે ખાસ તૌર પર એહલે બૈત (અ.સ.) અને અઈમ્મતે તાહેરીન જ આલે મોહંમદ છે કે જેઓથી અલ્લાહે નાપાકીને દૂર કીધી અને તૈયબો તાહેર બનાવા. અને આમ તૌર પર જે શખ્સો ઈમાનની બધી શરતો પર ચાલા અને એહલે બૈત (અ.સ.) ના મઝહબને કુબૂલ કરી તેઓની ઈતાઅત કીધી, તો આ ઈતાઅત-વલાયતની નિસ્બતથી તે શખ્સો આલે મોહંમદમાં ગિનાય, ભલેને તેમની ખાનદાને નુબુવ્વતથી કોઈ નિસ્બત ન હોય !"

આ તસ્બીહમાં રસૂલુલ્લાહ બાવાજી અને આપની મુબારક આલ પર સલવાત પઢવાને સાથે ઈબ્રાહીમ નબી અને એમની મુબારક નસલ પર સલવાત પઢવાને જોડી દીધી છે. અલ્લાહતઆલાએ જે મુજબ હ.ઈબ્રાહીમ (અ.સ.) ની નસલમાં ઈમામોનો સિલસિલો જારી રાખો તે મુજબ મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) ના ઝરીએ આલે મોહંમદમાં પણ તે શમ્એ ઈમામતને રોશન રાખી, જેની રોશની યૌમે કયામત તક બુઝનાર નથી. અલ્લાહતઆલા રસૂલુલ્લાહ બાવાજી પર સલવાત પઢે છે તેનો મત્લબ રેહમતનો છે, ફરીશ્તાઓ તરફથી સલવાતનો મત્લબ ઈસ્તીગફાર અને ગુનાહોની બખ્શીશનો છે અને મુમેનીન તરફથી સલવાતનો મત્લબ દુઆનો છે. સલવાતની ઘણી ફઝીલત આવી છે, કોઈ ઉમ્મતી રસૂલુલ્લાહ પર સલવાત પઢે છે તો આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અય અલ્લાહ, તું એ શખ્સ પર સલવાત પઢ જે મુજબ એને મારા ઉપર સલવાત પઢી છે. યાઅની કે એના ગુનાહોને બખ્શીને એને પાકો સાફ બનાવી દે. મુમીન પર લાઝિમ છે કે જુમ્આના દિન કમમાં કમ એક હઝાર મરતબા સલવાત પઢે. દુઆની મકબૂલીયત વાસ્તે દુઆના પહેલા, વચમા અને તેના આખિરમાં સલવાત હોવી ઝરૂરી છે. અલ્લાહતઆલાનો બેઈન્તેહા શુક્ર છે કે હમને સૈયદુલ મુરસલીન પર સલવાત પઢનાર કીધા અને આલે મોહંમદ (અ.સ.) ના ફરમાંબરદાર બનાવીને હમને જન્નતનુ દામન નસીબ કીધું. હઝાર હઝાર સલવાતો સલામ હમારા પ્યારા નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર. ★